# જંગલની અદૃશ્ય છાયા બ્લેક પેન્થર

જંગલ એક રહસ્યોનું છે. જંગલમાં એવી છાયાઓ છે જે ક્ષણભર માટે દેખાય છે અને પછી ગાયબ થઈ જાય છે. એ રહસ્યનું સૌથી ઝળહળતું સ્વરૂપ છે બ્લેક પેન્થર. જેને આપણે કાળો ચિત્તો કે કાળો દીપડો પણ કહીએ છીએ. એ કોઈ અલગ પ્રજાતિ નથી. પરંતુ ભારતીય ચિત્તાના શરીરમાં જન્મેલો પ્રકૃતિનો એક ચમત્કાર છે. જેમાં એક જનીનના સૂક્ષ્મ પરિવર્તનથી ખાલ પર ઘાટો કાળો રંગ પથરાઈ જાય છે અને ચિત્તાના સામાન્ય ટપકાં અંધકારમાં ડૂબી જાય છે. છતાં નજીકથી જોતા તે ગુલાબ જેવા રોઝેટ્સ ઝળહળતા દેખાય છે. જાણે કે પ્રકાશ અને અંધકાર વચ્ચેની ગૂઢ વાતચીત ચાલી રહી હોય.

બ્લેક પેન્થરનો વસવાટ સમગ્ર ભારતમાં પથરાયેલો છે. પરંતુ તે બ્લેક પેન્થર વિશેષ કરીને પશ્ચિમઘાટના ભેજવાળાં જંગલો અને મધ્ય ભારતના સૂકા પાનખર પ્રદેશોમાં જોવા મળે છે. કર્ણાટકના નાગરહોળે, કાબિની અને દંડેલીના જંગલો બ્લેક પેન્થરને જોવા માટે વિશ્વભરમાં જાણીતા થયા છે. ગોવા અને મહારાષ્ટ્રના સહ્યાદ્રી પર્વતમાળાના વિસ્તારોમાં તેની હાજરી દેખાય છે. તાજેતરમાં મધ્ય પ્રદેશના પેંચમાં ‘કાલા’ નામનો કાળો દીપડો ચર્ચામાં આવ્યો છે. જે હજુ નાનું હતું ત્યારથી જ જંગલની દંતકથા બની ગયો છે. કારણ કે પેંચમાં વાઘોની ગર્જના વચ્ચે જ્યારે કાળા દીપડો જોવા મળે ત્યારે જોનારને લાગે કે તેમણે જંગલનો આત્મા જોઈ લીધો છે. ‘કાલા’ પહેલીવાર 15 માર્ચ 2024ના રોજ પ્રવાસીઓને દેખાયો હતો. ત્યારે લગભગ 6-7 મહિનાનું બચ્ચું હતું. પરંતુ તેની ખાલના રંગે તેને અલગ બનાવી દીધો હતો. તે સંપૂર્ણ કાળો નહોતો. તેના ઉપર ગુલાબ જેવા ડાઘો સ્પષ્ટ દેખાતા હતા. તેનું એ અર્ધકાળું સ્વરૂપ જ તેને અનોખું બનાવતું હતું. જાણે કે પ્રકૃતિએ અંધકારને રંગ તરીકે વણી લીધો હોય અને તેને એક નવો અવતાર આપી દીધો હોય. આ ચમત્કારનું મૂળ વિજ્ઞાનમાં છે. જેને આપણે મેલાનિઝમ કહીએ છીએ. પ્રાણીઓના જગતમાં જોવા મળતી એક એવી રંગ બહુરૂપતા, જેમાં ત્વચા કે રૂંવાટા સામાન્ય કરતાં ઘણી ઘાટા હોય છે. બિલાડી કુટુંબમાં મેલાનિઝમ સામાન્ય છે. 38 જેટલી ફેલિડ પ્રજાતિઓમાંથી 13માં તે નોંધાયેલો છે. પણ તે કાયમી ક્યારેય બનતો નથી. હંમેશા બહુરૂપી ફેનોટાઈપ તરીકે જ રહે છે. અને પેન્થેર જાતિના બે જ પ્રાણીઓમાં એ જોવા મળે છે એક ચિત્તા (Panthera pardus)માં અને બીજું જાગુઆર (Panthera onca) માં.

ભારતીય ચિત્તામાં મેલાનિઝમ અગૌટી સિગ્નલિંગ પ્રોટીન (ASIP) જનીનના અસામાન્ય વારસાગત પરિવર્તનથી થાય છે, જ્યાં કાળો રંગદ્રવ્ય વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. ચિત્તાના સામાન્ય ટપકાં અંધકારમાં ઓગળી જાય છે, પરંતુ પ્રકાશ પડે ત્યારે તે ઝળહળતા દેખાય છે. જાણે કે ચિત્તાની ખાલમાં રાત્રિ અને દિવસ એકસાથે જીવતા હોય. વિજ્ઞાનીઓ કહે છે કે આ ઘટના કુદરતી રીતે થર્મો-રેગ્યુલેશન, ભેજવાળી આબોહવા, પર્યાવરણ અને જાતીય પસંદગી જેવા પરિબળોથી જોડાયેલી છે. એટલે જ પશ્ચિમઘાટના વરસાદી જંગલોમાં સંપૂર્ણ કાળા દીપડા જોવા મળે છે, જ્યારે મધ્ય ભારતના પાનખર જંગલોમાં અર્ધકાળા દીપડા જોવા મળે છે.



**કર્ણાટકના નાગરહોળે, કાબિની અને દંડેલીના જંગલો બ્લેક પેન્થરને જોવા માટે વિશ્વભરમાં જાણીતા થયા છે. ગોવા અને મહારાષ્ટ્રના સહ્યાદ્રી પર્વતમાળાના વિસ્તારોમાં તેની હાજરી દેખાય છે. તાજેતરમાં મધ્ય પ્રદેશના પેંચમાં ‘કાલા’ નામનો કાળો દીપડો ચર્ચામાં આવ્યો છે**

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

છતાં બ્લેક પેન્થર માત્ર વિજ્ઞાનનો વિષય નથી. તે સાહિત્યનો વિષય પણ છે. કારણ કે ગ્રામ્ય વિસ્તારોમાં લોકો તેને ‘જંગલનો ભૂત’, ‘છાયાપ્રાણી’ કે ‘અદૃશ્ય રક્ષક’ તરીકે ઓળખે છે. તેની હાજરીને તેઓ અદૃશ્ય શક્તિ સાથે જોડે છે. આ પ્રાણી ફોટોગ્રાફર માટે તે સપનું છે. કારણ કે તેને બ્લેક પેન્થર જોવા મળવો એટલે એક ક્ષણિક ચમત્કાર, જેને જીવનભર યાદ રાખી શકાય. બ્લેક પેન્થરનો સ્વભાવ ચિત્તા જેવો છે, અત્યંત ચતુર. ઝડપથી ઝાડ પર ચઢી જનાર. તરવામાં કુશળ અને એકલા રહેવાનું પસંદ કરનાર. તેની મુખ્ય પ્રવૃત્તિઓ રાત્રે શરૂ થતી હોય છે. દિવસ દરમિયાન તે ઘાટાં વૃક્ષોમાં કે પથ્થર જેવા અંધકારમય સ્થળોમાં છુપાઈ રહે છે. જ્યાં તેનો કાળો રંગ સંપૂર્ણ છદ્માવરણ પૂરો પાડે છે અને રાત્રે તે શિકાર કરવા નીકળે છે. ચિત્તલ, હરણ, જંગલી સૂર, મોર કે ક્યારેક નાનું પશુ તેની ભોજન સૂચિમાં હોય છે.

ભારતમાં બ્લેક પેન્થરનું દેખાવું સમાચાર બની જાય છે. કાબિનીના કાળા દીપડાએ દુનિયાભરમાં ખ્યાતિ મેળવી છે. ફોટોગ્રાફરો તેને જોવા માટે હજારો કિલોમીટર દૂરથી આવે છે. અને હવે મધ્યપ્રદેશના પેંચનો ‘કાલા’ પણ એવી જ નવી કથા બની રહ્યો છે. શક્ય છે કે આવનારા વર્ષોમાંતે જંગલની ઓળખ બનશે. પરંતુ આ ચમત્કાર સાથે ચિંતા પણ છે. કારણ કે માનવીય ઘૂસણખોરી, જંગલવિનાશ અને શિકારના કારણે ચિત્તાની સંખ્યા ઓછી થઈ રહી છે. અને બ્લેક પેન્થર તો દુર્લભ છે. તેથી તેનું સંરક્ષણ અતિ આવશ્યક છે. આમ તો ભારતના વન્યજીવન અધિનિયમ હેઠળ તે સંપૂર્ણપણે સંરક્ષિત છે, પરંતુ સંરક્ષણ માત્ર કાયદાથી શક્ય નથી. તે માટે જંગલ પ્રત્યે માનવીય આદર જરૂરી છે. જ્યાં સુધી સુધી જંગલ સુરક્ષિત રહેશો ત્યાં સુધી કાળા દીપડાની છાયા જીવંત રહેશે.

# આકાશમાં ટ્રાફિક ન હોવા છતાં , ધુમ્મસને કારણે કેમ કેન્સલ કરવામાં આવે છે ફ્લાઈટ્સ?

રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં ભારે ઠંડી અને ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે ઘણા વિસ્તારોમાંથી ઓછી દૃશ્યતાને કારણે ફ્લાઈટ અને ટ્રેન રદ કરવાના અહેવાલો સામે આવી રહ્યા છે. આના જવાબમાં, નાગરિક ઉડ્ડયન મંત્રાલય, એર ઈન્ડિયા, ઈન્ડિગો અને દિલ્હી એરપોર્ટે શુક્રવાર માટે ખાસ મુસાફરી સલાહ જારી કરી હતી, જેમાં મુસાફરોને ફ્લાઈટમાં વિલંબ અથવા રદ થવાની સંભાવના અંગે ચેતવણી આપવામાં આવી હતી.

આવી સ્થિતિમાં, લોકો વિચારી રહ્યા છે કે જ્યારે આકાશમાં ટ્રાફિક ન હોય ત્યારે ધુમ્મસને કારણે ફ્લાઈટ્સ કેમ રોકી શકાય છે. તો, આજે આપણે સમજાવીશું કે આકાશમાં ટ્રાફિક ન હોય ત્યારે પણ ધુમ્મસને કારણે ફ્લાઈટ્સ કેમ રદ કરવામાં આવે છે.

ધુમ્મસ ફ્લાઈટ ઑપરેશન્સને કેવી રીતે અસર કરે છે? : હકીકતમાં, ભલે ફ્લાઈટ્સ આકાશમાં ઊડે છે, તેમનું સંચાલન સંપૂર્ણપણે દૃશ્યતા અને



એરપોર્ટ ગ્રાઉન્ડ સિસ્ટમ્સ પર આધાર રાખે છે. પાઈલટ્સ નકશા, સાધનો અને એર ટ્રાફિક નિયંત્રણ સૂચનાઓના આધારે વિમાનનું નિયંત્રણ કરે છે. જો કે, જ્યારે ગાઢ ધુમ્મસ છવાઈ જાય છે, ત્યારે એરપોર્ટ પર દૃશ્યતા ઝડપથી ઘટે છે. ઘણા કિસ્સાઓમાં, દૃશ્યતા 600 મીટરથી ઓછી થઈ જાય છે, જે સલામત ફ્લાઈટ કામગીરીને મુશ્કેલ બનાવે છે.

ધુમ્મસમાં ઉડવાનો સૌથી મોટો પડકાર : ઘણા લોકો માને છે કે ધુમ્મસ દરમિયાન ફ્લાઈટ માટે સૌથી મુશ્કેલ કાર્ય ટેકઓફ અથવા લેન્ડિંગ છે, પરંતુ નિષ્ણાતો કહે છે કે ધુમ્મસમાં સૌથી મોટો પડકાર રનવે પર વિમાનને ટેક્સી કરવાનો છે. ટેક્સી કરતી વખતે, પાઈલટે રનવેના ચિહ્નો, લાઈટ્સ અને અન્ય ફ્લાઈટ્સની સ્થિતિ સ્પષ્ટપણે જોવી જોઈએ. જ્યારે દૃશ્યતા ખૂબ ઓછી થઈ જાય છે, ત્યારે જમીનની ગતિવિધિ ખતરનાક બની શકે છે. આ જ કારણ છે કે ફ્લાઈટ્સ બંધ કરવામાં આવે છે અથવા મોડી પડે છે. હકીકતમાં, જ્યારે ફ્લાઈટ્સ રનવેની નજીક આવે છે, ત્યારે પાઈલટે ચોક્કસ બિંદુઓ જોવા માટે સક્ષમ હોવા જોઈએ. દરેક એરપોર્ટ અને ફ્લાઈટમાં અલગ અલગ લઘુત્તમ દૃશ્યતા ધોરણો હોય છે; જો આ ધોરણો પૂર્ણ ન થાય, તો ફ્લાઈટને ટેકઓફ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.